# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/ તા.૧૪/૦૪/૨૦૨૦

## પરિપત્ર :

સંદર્ભ: શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૧૩/૦૪/૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંક:પરચ/૨૦૧૮/૬૧/ખ-૧

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, અનુસ્નાતક ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ તથા તમામ અધ્યાપકશ્રીઓ અને કર્મચારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે, નોવેલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી ૨૧ દિવસ સુધી એટલેકે તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી સરકારશ્રી દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવેલ હતું જેથી યુનિવર્સિટી અને સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓ સંપૂર્ણ રીતે બંધ રહેલ હતી.

શિક્ષણ વિભાગ દ્વારા નોવેલ કોરોના વાયરસ (COVID-19) ની મહામારીની પરિસ્થિતિ ધ્યાને લઈ સરકારશ્રીના ઉક્ત સંદર્ભિત પરિપત્રથી સરકારી યુનિવર્સિટીઓ અને સંલગ્ન તમામ કોલેજો માટે **તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૧૬/૦૫/૨૦૨૦ (બંને દિવસો સામેલ ગણીને) વેકેશન જાહેર કરવામાં આવેલ છે.** તે અનુસાર કાર્યવાહી/અમલવારી કરવા જણાવવામાં આવે છે.

વધુમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ની વિવિધ પરીક્ષાઓ યોજવા અંગે તેમજ નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ અંગે યુ.જી.સી. નું માર્ગદર્શન તથા રાજ્ય સરકારશ્રીના માર્ગદર્શન મળ્યા બાદ આગળની પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવામાં આવશે. વૈશ્વિક મહામારીને લક્ષ્યમાં લઈ યુનિવર્સિટી/કોલેજોના તમામ કર્મચારીઓએ ટેકનોલોજીના માધ્યમથી સંસ્થાના વડા સાથે જોડાઈ રહેવા સુચના આપવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકારશ્રી દ્વારા વખતો વખત જે કોઈ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવે તે મુજબ તમામ આચાર્યશ્રીઓ/ પી.જી. ઈન્ચાર્જશ્રીઓ/ કો-ઓર્ડીનેટરશ્રીઓ/ વડાશ્રીઓ/ અધ્યાપકશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બિડાણ : ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્ર

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંચાલિત/સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, અનુસ્નાતક ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ તથા તમામ અધ્યાપકશ્રીઓ અને કર્મચારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ
માટે વેકેશન જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ પરચ/૨૦૧૮/૬૧/ખ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૩/૦૪/૨૦૨૦

<u>સંદર્ભઃ-</u> શિક્ષણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૩/૦૭/૨૦૧૯ પરિપત્ર

<u>પરિપત્રઃ-</u>

વંચાણે લીધેલા શિક્ષણ વિભાગના તા.૦૩/૦૭/૨૦૧૯ ના સરખા ક્રમાંકના પરિપત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે કોમન એકેડેમિક કેલેન્ડર મેડિકલ અને ફાર્મસી અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમોમાં અમલમાં મુકવામાં આવેલ છે. આ કેલેન્ડર મુજબ સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે તા. ૨૫/૦૪/૨૦૨૦ થી તા.૧૩/૦૬/૨૦૨૦ સુધી ઉનાળુ વેકેશન નિયત કરવામાં આવેલ છે.

તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે અને આ આકસ્મિક પરિસ્થિતિને ધ્યાને લઇને તકેદારીના પગલાંરૂપે રાજ્યની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાતમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયત્ત સંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સુચનાઓ શિક્ષણ વિભાગના તા.૨૧/૦૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ પરચ/૧૧૨૦૨૦/૧૫૧(૨)/વ-૨ થી બહાર પાડવામાં આવેલ છે. વધુમાં માન.વડાપ્રધાનશ્રી દ્વારા રાષ્ટ્રને કરાયેલ ઉદબોધનથી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે અને છેલ્લા ૨૫ દિવસથી શૈક્ષણિક સંસ્થાઓ સંપૂર્ણ રીતે બંધ છે.

આ સંબંધે યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરો દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે ઉપર જણાવેલ સમયગાળા દરમ્યાન યુનિવર્સિટીઓ/કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં

આવેલ છે પરંતુ તેના કારણે વર્ષ ૨૦૧૯-૨૦ની પરીક્ષાઓ હજી પૂર્ણ થયેલ નથી. આ પરીક્ષાઓ યોજવા અંગે UGC તથા AICTE નું માર્ગદર્શન મળ્યેથી તે પ્રમાણે પરિસ્થિતિને અનુકૂળ નિર્ણય લેવામાં આવશે.

દરમ્યાનમાં હાલની પરિસ્થિતિને ધ્યાને લઇને તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૧૬/૦૫/૨૦૨૦ સુધી ( *બંને દિવસો સામેલ ગણીને* ) તમામ સરકારી યુનિવર્સિટી અને તેને સંલગ્ન સરકારી, ખાનગી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો માટે વેકેશન જાહેર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

રોનક મહેતા

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટે.શિ.), સચિવાલય, ગાંધીનગર
- વાઇસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- એડવાઈઝરશ્રી, કે.સી.જી, નવરંગપુરા, અમદાવાદ
- સીલેક્ટ ફાઇલ